નવી બાબત ૨૦૧૮-૧૯
ભુજ તથા જામનગર ખાતે નવા શરૂ થનાર કુમાર-કન્યા માટેના કુલ ૦૪(ચાર) સમરસ છાત્રાલયોના વહીવટ માટે વેતન, ભોજન અને અન્ય ખર્ચ માટે વિકસતી જાતિના ૫૫ ટકા ફાળા પેટે રૂ.૫૩૨.૫૬ લાખ ફાળવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવક્રમાંક:સશપ/૧૦૨૦૧૮/ન.બા.૫૯/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૧/૦૪/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૧૦/૦૧/૨૦૧૮નો પત્રક્રમાંક:વિ.જા.ક./સમરસ છાત્રાલય/ન.બા./૨૦૧૭-૧૮/૫૧ થી ૫૨

ઠ રા વ:

રાજ્યના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિકસતી જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ યુનિવર્સિટીના વડા મથકે ઉચ્ચ શિક્ષણમાં સારી રીતે અભ્યાસ કરી શકે તથા તેમને રહેવા-જમવા માટે સગવડ આપવાના હેતુથી સરકારશ્રીના તા.૨૮/૦૫/૨૦૧૨ના ઠરાવથી સમરસ છાત્રાલયો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. સરકારશ્રીના તા.૧૪/૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃસમછા-૧૦૧૬-૮૫૫૨૧૨-ગ થી સમરસ છાત્રાલયમાં અનુસૂચિત જાતિના ૧૫ ટકા અને અનુસૂચિત જનજાતિના ૩૦ ટકા અને વિકસતિ જાતિના ૫૫ ટકા છાત્રોને પ્રવેશ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સરકારશ્રીના તા.૧૧/૦૭/૨૦૧૬ના ઠરાવ નં. સમછા-૧૦૧૫-૩૫૪૨૩૯-ગ થી રાજ્ય કક્ષાએ સમરસ છાત્રાલયોની કામગીરી અને જાળવણી માટે ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીની રચના કરવામાં આવેલ છે. ઉકત ટકાવારી મુજબ ત્રણેય ખાતાના વડાઓ દ્વારા સમરસ છાત્રાલય સોસાયટીને ગ્રાન્ટ આપવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી ભુજ અને જામનગર ખાતે કુમાર અને કન્યા માટે કાર્યરત થનાર કુલ ૦૪(ચાર) સમરસ છાત્રાલયોના ૧૫૦૦ વિધાર્થીઓ માટે નિભાવ તથા છાત્રાલયના વિજળી, સફાઇકામ, ગાર્ડનીંગ, વહીવટ અને અન્ય ખર્ચ અંગે વંચાણે લીધેલ નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૨૨/૧૧/૨૦૧૭ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી ભુજ અને જામનગર ખાતે કુમાર અને કન્યા માટે કાર્યરત થનાર કુલ ૦૪(ચાર) સમરસ છાત્રાલયોના ૧૫૦૦ વિધાર્થીઓ હોઇ વિકસતી જાતિ કલ્યાણ ખાતા માટેની મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩ની કુમાર માટે ૦૧(એક) તથા કન્યા માટે ૦૧(એક) એમ કુલ ૦૨(બે) જગ્યાઓ તથા જુનિયર ક્લાર્ક, વર્ગ-૩ની કુમાર માટે ૦૧(એક) તથા કન્યા માટે ૦૧(એક) એમ કુલ ૦૨(બે) જગ્યાઓ મળી વિકસતી જાતિ કલ્યાણ ખાતા માટેની નવી કુલ ૦૪(ચાર) જગ્યાઓ ઉભી કરવાની, પટ્ટાવાળા તથા ચોકીદારની જગ્યાઓની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગનાં તા.૦૧/૦૪/૨૦૦૦નાં ઠરાવ અનુસાર આઉટસોર્સથી મેળવવાની તથા આ વિદ્યાર્થીઓના નિભાવ તથા છાત્રાલયના વિજળી, સફાઇકામ, ગાર્ડનીંગ, વહીવટ અને અન્ય ખર્ચ માટે કુલ ખર્ચ રૂા. ૯૬૮.૩૦ પૈકી વિકસતી જાતિના ૫૫ ટકા લેખે રૂ. ૫૩૨.૫૬ લાખના ખર્ચની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતા હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) વિકસતી જાતિ કલ્યાણ ખાતા માટેની મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩નું પગાર ધોરણ સાતમા પગારપંચ મુજબ પે-મેટ્રીક્ષના લેવલ-૭(છઠ્ઠા પગારપંચ મુજબ PB-રૂ.૯૩૦૦-૩૪૮૦૦, GP-રૂ.૪૪૦૦) (ફીક્સ પે-રૂ.૩૮૦૯૦) તથા જુનિયર ક્લાર્ક, વર્ગ-૩નું પગાર ધોરણ સાતમા પગારપંચ મુજબ પે-મેટ્રીક્ષના લેવલ-૨(છઠ્ઠા પગારપંચ મુજબ PB-રૂ.૫૨૦૦-૨૦૨૦૦, GP-રૂ.૧૯૦૦) (ફીક્સ પે-રૂ.૧૯૯૫૦) મુજબનું રહેશે.